# ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,અમદાવાદ

(સંપર્ક નંબર ૦૭૯-૨૬૩૦૦૯૧૫)

(જાહેરાત ક્રમાંકઃ ૦૪/૨૦૧૩-૧૪)

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,અમદાવાદ ધ્વારા પંચાયત સેવાની નીચે દર્શાવેલ **સ્ટાફ નર્સ** (વર્ગ-૩) સંવર્ગની ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઇટ પર તા.૨૫-૧-૨૦૧૪ થી તા.૫-૨-૨૦૧૪ (સમય રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબના પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને આ અંગે ઉમેદવારોને જાણ કરાયા બાદ તેઓએ રુબરુમાં ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે.જેની અચુક નોધ લેવી.

ખાસ નોધઃ-

**પ્રસ્તુત જાહેરાત સબંધી વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત,અનામત બેઠકો, માજી સૈનિક તથા શારીરીક અશકતતાની જોગવાઇઓ, રમતગમત અને વિધવાને મળવાપાત્ર વધારાના ગુણને લગતા નીચે દર્શાવેલ સરકારી ઠરાવો પંચાયત વિભાગની વેબ સાઇટ http://panchayat.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.**

ઠરાવોઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં.સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ-૨ તા ૨૫-૨-૧૯૮૦

(૨) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર નં.સીઆરઆર/૧૧૮૨/૧૧/ગ-૨ તા ૧૦-૫-૧૯૮૨

(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં.સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ-૨ તા ૧-૮-૧૯૯૦

(૪) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઆર-૧૦૯૦-૧૭૬૪/ડ તા.૩-૩-૯૨

(૫) સામાન્ય વહીવટ વિભાગના નોટીફીકેશન નં.જીએસ/૭૫/૬/આરઇએસ/૧૦૭૫/૧૦૬૦/જી તા ૪-૩-૭૫

(૬) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં.આરઇએસ-૧૦૮૧-જીઓઆઇ/૫૮/ગ-૨ તા.૨૨-૭-૮૨

(૭) સામાન્ય વહીવટ વિભાગના નોટીફીકેશન નં.જીએસ/૮૬/૧૮/આરઇએસ/૧૦૮૬/૧૭૨૮/જી-૨ તા ૩-૬-૧૯૮૭

(૮) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના નોટીફીકેશન નં. કેપી/૧૩/૮૯ /પીઆરઆર /૧૦૮૧ /૪૦૨૧(૮૧) ડી તા ૩૦-૫-૧૯૮૯

(૯) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- આરઇએસ/૧૦૨૦૦૦/યુઓ/૯૫૭/ગ-૨ તા ૨૦/૨/૨૦૦૧

(૧૦) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ- આરઇએસ/૧૦૨૦૦૩/૬૮૭/ગ-૨ તા ૭-૭-૨૦૦૩

(૧૧) સામાન્ય વહીવટ વિભાગના નોટીફીકેશન નં.જીએસ/૯૯/૨૨/આરઇએસ/૧૧૭૫/૧૦૬૦/ગ-૨

તા ૩-૬-૧૯૯૯

(૧૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- અપગ /૧૦૨૦૧૩ /૧૮૯૦ /ખ તા ૧૧-૧૨-૨૦૧૩

(૧૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પસમ/૧૦૯૪/૭૩૬/ડ તા ૧૧-૪-૧૯૯૭

(૧૪) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- પસમ/૧૦૯૪/૭૩૬/ડ તા ૨૯-૧-૯૯

(૧૫) સામાન્ય વહીવટ વિભાગના નોટીફીકેશન નં. જીએસ/૨૦૦૦/૪/સીઆરઆર/૧૦૯૪/૧૬૫૪/ગ-૨ તા ૧૯-૨-૨૦૦૦

(૧૬) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૦/જી.ઓ.આઇ/૭/ગ-૨ તા ૧૫-૨-૨૦૦૧

(૧૭) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ/૭/ગ-૨ તા ૪-૫-૨૦૦૨

(૧૮) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ તા ૧-૧૨-૨૦૦૮

(૧૯) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૦/૩૩૭/છ-૧ તા ૩૦-૧૨-૨૦૧૦

(૨૦) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના નોટીફીકેશન નં. કેપી/૭૩ /૯૭ /પીઆરઆર/૧૦૯૭/૮૫૦/ડી તા ૧૪-૮-૧૯૯૭

(૨૧) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ તા ૨૨-૫-૧૯૯૭

(૨૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ તા ૨૬-૮-૯૭

(૨૩) સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ-૫ તા.૪-૬-૨૦૦૯

(૨૪) નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨/૫૭/ઝ/૧ તા.૨૯-૪-૨૦૧૦

(૨૫) નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨/૫૭(પાર્ટ-૨)ઝ/૧ તા.૦૬-૧૦-૨૦૧૧

(૨૬) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૧ ઓફ ૨૦૧૨/પીઆરઆર/૧૦૨૦૦૯/૧૯૭૬/ડી તા ૧૭-૪-૨૦૧૨

(૨૭) સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃપરક્ષ/૧૦૯૯-૪૪૦/ક/ભાગ-૨ તા.૧૬-૧૦-૨૦૦૪

(૨૮) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ-પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪ તા ૨૩-૭-૨૦૦૪

(૨૯) સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃપરક્ષ/૧૦૯૯-૪૪૦/ક તા.૨૪-૧૨-૨૦૦૪

(૩૦) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃપસમ-૧૦૯૮/૧૧૦૧ડ તા.૨૨-૧૧-૨૦૦૫

(૩૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ- ૫

તા.૧૩-૮-૨૦૦૮

(૩૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં જાહેરનામા ક્રમાંકઃકેપી-૦૫/૨૦૧૩/ પીઆરઆર - ૧૧૯૬/૧/ડી તા.૧૫-૪-૨૦૧૩

(૩૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં જાહેરનામા ક્રમાંકઃકેપી-૦૬/૨૦૧૩/ પીએસઆર - ૧૨૯૪/૭૦૭/૧૦/૧/ડી તા.૨૫-૪-૨૦૧૩

(૩૪) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-કેપી/૩૮ ઓફ ૨૦૧૩/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૫૮/ખ તા ૧-૧-૨૦૧૪

**અરજીપત્રક ભરતા પહેલા ઉમેદવાર માટેની સામાન્ય સુચનાઓનો તથા સરકારી ઠરાવોનો કાળજીપૂર્વક સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઠરાવ અન્વયે ઓનલાઇનઅરજીમાં દર્શાવેલ કોઇ પણ બાબતો અંગે પાછળથી સુધારા-વધારા કે કોઇ પણ વિગતો ધ્યાને લેવામાં આવશે નહી જેની સબંધકર્તા ઉમેદવારોએ નોધ લેવી.**

સ્ટાફ નર્સ, સંવર્ગની ખાલી જગ્યા અને પગાર ધોરણની વિગતો નીચે મુજબ છે.

| જાહેરાત ક્રમાંક | ખાલી જગ્યાના સંવર્ગનું નામ | પગાર ધોરણ | જનરલ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ | સા.શૈ.પ. વર્ગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૪/ ૨૦૧૩-૧૪ | સ્ટાફ નર્સ | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૯૪૦૦/- ફીકસ પગાર | ૨૬૭ | ૨૭ | ૨૩૯ | ૧૭૯ | ૭૧૨ |

સ્ટાફ નર્સ સંર્વગની ખાલી જગ્યાની જિલ્લાવાઇઝ કેટેગરી વાઇઝ વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | જનરલ | અનુસુચિત જાતિ | અનુસુચિત જન જાતિ | સા.શૈ.પ | કુલ | નિમણુંક સતાધિકારીશ્રી જિલ્લા વિકાસ અધિકારીશ્રી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૫ | ૨ | ૧ | ૬ | ૨૪ | બનાસકાંઠા |
| ૨ | ભરૂચ | ૧૦ | ૨ | ૧૪ | ૧૦ | ૩૬ | ભરૂચ |
| ૩ | દાહોદ | ૩૮ | ૫ | ૫૨ | ૩૫ | ૧૩૦ | દાહોદ |
| ૪ | ડાંગ | ૭ | ૦ | ૭ | ૪ | ૧૮ | ડાંગ |
| ૫ | નર્મદા | ૧૫ | ૨ | ૧૯ | ૧૨ | ૪૮ | નર્મદા |
| ૬ | નવસારી | ૧૭ | ૧ | ૨૦ | ૧૪ | ૫૨ | નવસારી |
| ૭ | પંચમહાલ | ૨૨ | ૨ | ૨૫ | ૧૭ | ૬૬ | પંચમહાલ |
| ૮ | સાબરકાંઠા | ૨૮ | ૫ | ૯ | ૧૪ | ૫૬ | સાબરકાંઠા |
| ૯ | સુરત | ૩૭ | ૧ | ૨૦ | ૧૪ | ૭૨ | સુરત |
| ૧૦ | તાપી | ૧૮ | ૨ | ૨૪ | ૧૬ | ૬૦ | તાપી |
| ૧૧ | વડોદરા | ૩૪ | ૩ | ૧૬ | ૧૫ | ૬૮ | વડોદરા |
| ૧૨ | વલસાડ | ૨૬ | ૨ | ૩૨ | ૨૨ | ૮૨ | વલસાડ |
| | | ૨૬૭ | ૨૭ | ૨૩૯ | ૧૭૯ | ૭૧૨ | |

નોંધઃ-

(૧) સરકારશ્રીની સ્થાયી સુચના અનુસાર જા.નં.૦૪/૨૦૧૩-૧૪ અન્વયે સ્ટાફ નર્સ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦% જગ્યાઓ અને શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે. ઉપરાંત , સરકારશ્રીની સ્થાયી સુચનાઓ મુજબ કૂલ જગ્યાના ૩૦ ટકા જગ્યાઓ મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.

(૨) ઉપર દર્શાવેલ જે તે સંવર્ગની અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) માજી સૈનિક તથા વિકલાંગની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરી તથા શારીરીક અશકતતાના કિસ્સામાં જે તે કેટેગરી માટે નિયમાનુસાર અનામત રાખવામાં આવેલ જગ્યાઓ સામે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તેવા કિસ્સામાં તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૪) ઉકત જગ્યા માટેના પગાર ધોરણ, વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે, જેથી નિયત લાયકાતો ધરાવતા ઉમેદવારે જ ઉકત જગ્યા માટે અરજી કરવાની રહેશે.

**<u>જાહેરાતની સામાન્ય જોગવાઇઓઃ-</u>**

**<u>નાગરિકત્વઃ-</u>**

- ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા

(ધ) મુળ ભારતની વ્યકિત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન,(મ્યાનમાર) શ્રીલંકા, કેન્યા,યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો ટાન્ઝાનિયાનો સંયુકત પ્રજા સત્તાક,(અગાઉ ટાન્ગાનિકા અને ઝાઝીબાર,) જામ્બીયા, મલાવી,ઝૈર, ઇથોપીયા અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય પરંતુ (ખ)(ગ)(ધ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યુ હોય તેવી વ્યકિત હોવા જોઇશે.

**<u>માજી સૈનિકઃ-</u>**

- ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ
- માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં જરુરી સમયગાળાની વિગતો આપવાની રહેશે.
- માજી સૈનિક ઉમેદવારે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ધ્વારા નિયત નમુના મુજબનું કાયદા ધ્વારા અધિકૃત કરેલ અધિકારીની સહીવાળું , સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર બોર્ડ સમક્ષ માંગણી થયેથી રજુ કરવાનું રહેશે.

- જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં કલીક કરેલ હોય અને ભવિષ્યમાં બોર્ડ ધ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો નોકરી મેળવવા અંગેનો હકક દાવો ધ્યાને લેવામાં આવશે નહી.જેની ઉમેદવારે નોધ લેવી.

**શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોઃ-**

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ તા ૧૧-૧૨-૨૦૧૩ થી શારીરીક અશકત વ્યકિતઓ માટે જગાઓ અનામત રાખવા બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૩ ટકા | OL- one leg affected (R or L)<br>D Impaired reach<br>E weakness of grip<br>F Ataxic |

- શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં ચોકકસ માહિતી આપવાની રહેશે.
- શારીરીક અશકતતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ શારીરીક અશકતતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરીક અશકતતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની ) કઇ શારીરીક અશકતતા છે તે સ્પષ્ટ દર્શાવવુ.
- જાહેરાતમાં શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરુપ જે પ્રકારની શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે, આવા પ્રસંગે ઉંમરમાં છુટછાટ મળશે.
- શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા ૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન/ મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ અસલ પ્રમાણપત્ર સક્ષમ સતાધિકારી ધ્વારા માંગણી કરાયેથી અચુકરજુ કરવાનું રહેશે. જો પ્રમાણપત્ર ઉપર જણાવ્યા મુજબ નિમણૂક અધિકારી/બોર્ડ સમક્ષ રજુ કરવામાં નહીં આવે,તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરીક અશકતતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં અને આ અંગે કોઇ પણ પ્રકારનો હકક દાવો કરી શકશે નહીં

**મહિલા ઉમેદવારો માટેઃ-**

- જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરીક અશકતતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**<u>વિધવા ઉમેદવારો માટેઃ-</u>**

- ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે સબંધિત કોલમમાં  કલીક કરવાનું રહેશે.
- વિધવા ઉમેદવારે જો પુનઃ લગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે  અચુક માહિતી આપવી..
- વિધવા ઉમેદવારે પુનઃ લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો, ઉમેદવારે નિમણૂક સતાધિકારી/બોર્ડ સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી સમયે પુનઃ લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ  અચુક રજુ કરવાની રહેશે. જો ઉમેદવાર આ પ્રમાણપત્ર/એફિડેવિટ રજુ નહીં કરે તો નિમણૂક અંગેનો હકક દાવો કરી શકશે નહીં.
- જાહેરાતની જોગવાઇ મુજબ લાયક વિધવા ઉમેદવાર કે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોય તેમના કિસ્સામાં  સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ ગુણમાં કુલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે

**<u>ના વાંધા પ્રમાણપત્રઃ--</u>**

- ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજવતા કર્મચારીઓ બોર્ડની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે

**<u>રમતગમતના કિસ્સામાં -</u>**

- રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫.૨.૧૯૮૦, ના સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ-૨, અને તા.૧.૮.૧૯૯૦ના  સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ-૨, તથા તે અંગેના વખતોવખતના ઠરાવથી નકકી થયા મુજબની રમતોમાં ભાગ લીધેલ હોય અને તે માટેનું નિયત સત્તાધિકારીએ આપેલ નિયત નમુનામાંનું સર્ટીફીકેટ ધરાવતા ઉમેદવારને તેઓએ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના <u>પ</u> ટકા ગુણ વધારાના ગુણ તરીકે ઉમેરી આપવામાં આવશે. સક્ષમ સતાધિકારી ધ્વારા માંગવામાં આવે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં રજૂ કરવાના રહેશે. ઉપર જણાવેલ સરકારી ઠરાવો પંચાયત વિભાગની વેબ સાઇટ http://panchayat.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.
- **ઉમેદવારોને અરજીપત્રકના રમતગમતના  કોલમસામે કલીક કરતા પહેલા  તેઓ ઉપર દર્શાવ્યા મુજબના ઠરાવ/પરીપત્ર/સુચનાઓ મુજબ જે તે રમતગમત માટે વધારાનાગુણ મેળવવા લાયકાત ધરાવે છે કે કેમ તે તેઓએ જાતે ચકાસણી કર્યા બાદ જ કલીક કરવા સુચના**

**આપવામાંઆવે છે.** આમ છતાં, જો ઉમેદવાર રમતગમતના કોલમમાં ખોટી રીતે કલીક કરશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે અને તે અગે તેઓનો કોઇ હકક દાવો ધ્યાને લેવાશે નહી

૨. **પગાર ધોરણઃ-**

પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર નિમણુંક થયેથી, નાણાં વિભાગના તા. ૨૯-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧, તથા ઠરાવક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા ૬-૧૦-૨૦૧૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૯૪૦૦/- નિયત થયેલ ફીકસ પગાર મળશે અને પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક સત્તાધિકારી ધ્વારા સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૪-૬-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૨૦૦૮- ૪૩૩૭૧૭ – ગ-૫, માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન તથા નામ. સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ એસ.એલ.પી નં.૧૪૧૨૪/૧૪૧૨૫-૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહીને આ જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર પે બેન્ડ અને ગ્રેડ પે માં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

૩. **રાષ્ટ્રીયતાઃ-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

**૪. (૧) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતોઃ-**

| **જા. ક્ર.** | **સંવર્ગ** | **શૈક્ષણિક લાયકાત** | **વયમર્યાદા** |
|---|---|---|---|
| ૦૪/૨૦૧૩-૧૪ | સ્ટાફ નર્સ | (૧) કેન્દ્ર સરકાર અથવા રાજયના કાયદા હેઠળ સ્થપાયેલ યુનિર્વસીટી ધ્વારા આપવામાં આવેલ પોસ્ટ બેઝીક વિજ્ઞાનના સ્નાતક(નર્સીંગ)ની ડીગ્રી ધરાવતા હોવા જોઇએ અથવા યુનિર્વસીટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમની ૧૯૫૬ ની કલમ-૩ હેઠળ માન્યતા મેળવેલ અને ડીમ્ડ યુનિર્વસીટી તરીકે જાહેર કરાયેલ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ વિજ્ઞાનના સ્નાતકની પોસ્ટ બેઝીક (નર્સીંગ)ની ડીગ્રી ધરાવતા હોવા જોઇએ. અને ઉપર જણાવેલ તમામ સંસ્થાની ડીગ્રી ઇન્ડીયન નર્સીંગ કાઉન્સિલ ધ્વારા માન્યતા ધરાવતા હોવા જોઇએ. અથવા<br>(૨) કેન્દ્ર સરકાર અથવા રાજયના કાયદા હેઠળ સ્થપાયેલ યુનિર્વસીટી ધ્વારા આપવામાં આવેલ જનરલ નર્સીંગ અને મીડવાઇફનો ડીપ્લોમાં પ્રમાણપત્ર અને આ ડીપ્લોમાં ઇન્ડીયન નર્સીંગ કાઉન્સિલ અથવા | ૪૦ વર્ષ કરતા વધુ ઉંમરના હોવા જોઇએ નહી. |

| | | | |
|---|---|---|---|
| | | ગુજરાત નર્સીંગ કાઉન્સીલ ધ્વારા માન્ય કરાયેલા હોવા જોઇએ<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો ૧૯૬૭ નિયત થયેલ કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ<br>(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>(૫) વધુમાં, ઉપર દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા જે ઉમેદવારે દસ વર્ષથી ઓછી નહીં તેવા સમયગાળા માટે રાજય સેવા અથવા પંચાયત સેવામાં ઓકસીલરી નર્સ મીડવાઇફ અથવા ફીમેલ હેલ્થ વર્કરની કેડરમાં નોકરી કરેલ હોય તેવા ઉમેદવારો પણ આ જગ્યા માટે અરજી કરી શકશે.આવા ઉમેદવારનાં કિસ્સામાં મહત્તમ વયમર્યાદા લાગુ પડશે નહીં. | |

- ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવો જોઇએ.
- ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિર્વસીટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
- શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહી.
- ઉમેદવારે સક્ષમ સતાધિકારી ધ્વારા જણાવવામાં આવે ત્યારે માન્ય યુનિર્વસિટી/સંસ્થાના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.શાળા/કોલેજના આચાર્ય ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

<u>માન્ય સંસ્થાના પ્રમાણપત્ર</u>

- **આ જગ્યા માટે નિયત કરાયેલ સ્નાતક અંગેની શૈક્ષણિક લાયકાતમાં ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ ધ્વારા માન્ય કરાયેલ ડીગ્રી પ્રમાણપત્ર અથવા ઉપર દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના કોલમ ક્રમાંક -૪(૧)(૨)માં દર્શાવેલ ડીપ્લોમાં પ્રમાણપત્ર ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ અથવા રાજય નર્સીંગ કાઉન્સીલ ધ્વારા માન્ય હોવો જોઇએ તે અંગેની ખાતરી જાતે જ કરવાની રહેશે. અને ભરતીના પછીના તબકકે ઉમેદવારે રજુ કરેલ માન્ય પ્રમાણપત્ર બાબતે કોઇ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ત્યારબાદ ભરતી પ્રક્રિયા અંગે આ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગે સઘળી જવાબદારી ઉમેદવારની રહેશે.**

- **ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાત /અનુભવના પ્રમાણપત્રોની સંસ્થાની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થતિ થશે ત્યારે બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.જેની સબંધિતોએ નોધ લેવી.**

૪. (૨) **વયમર્યાદામાં છૂટછાટઃ-** અનામત વર્ગના ઉમેદવારોને તથા મહિલા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(ક) મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક અને પછાત વર્ગના પુરૂષ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

(ખ) બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારને પાંચ વર્ષની તથા મુળ ગુજરાતના તમામ અનામત વર્ગના મહિલા ઉમેદવારને મહિલા તરીકે મળવાપાત્ર પાંચ વર્ષ અને અનામત વર્ગના ઉમેદવાર તરીકે પાંચ વર્ષ મળી કુલ દશ (૧૦) વર્ષની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

(ગ) ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતાં ઉમેદવારોને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં દશ (૧૦) વર્ષની વધારાની છૂટછાટ મળશે.અનામત વર્ગ તથા મહિલા ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદામાં વધુમાં વધુ છુટછાટ ૧૫ વર્ષથી વધશે નહી.

(ઘ) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થલ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે.

(ચ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ (તા.૧-૪-૨૦૧૨ થી તા. **૩૧-૩-૨૦૧૩**) નું નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ સક્ષમ અધિકારીથી તા.૧-૪-૨૦૧૩ થી તા **૫-૨-૨૦૧૪** દરમ્યાન ઇસ્યુ કરેલ હોય તેવું ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. આવા કિસ્સામાં અનામત કેટેગરીની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ અને અનામતનો લાભ નહીં મળે.

<u>નોંધઃ</u>- **તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇશે નહીં.**

૫. **કોમ્પ્યુટરની જાણકારીઃ-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/

ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ આવા ઉમેદવારોએ **નિમણુંક સત્તાધિકારી સમક્ષ** કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

૬. **શૈક્ષણિક લાયકાત/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ (cut off date) :-**

જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, અને નોન ક્રીમીલેયર સર્ટી. અને અન્ય જરૂરી લાયકાત માટે અરજી કરવાની છેલ્લી તારીખ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.પરંતુ વયમર્યાદાની ગણતરી માટે તા ૩૧-૧-૨૦૧૪ ધ્યાને લેવામાં આવશે.

**૭. અરજી કરવાની રીતઃ-** આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ ધ્વારા OJAS ની વેબસાઇટ મારફત ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા **તારીખઃ ૨૫/૦૧/૨૦૧૪ થી તા ૫/૨/૨૦૧૪** (સમય રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઇટ http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

(૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં વેબસાઇટ http://ojas.guj.nic.in પર જવું.

હવે (૨) "Apply On line" Click કરવું.

(૩) **"Staff Nurse"** પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની બાજુમાં "Apply now" પર click કરવાથી Application Format ખુલશે.

(૫) જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) અરજીમાં ઉમેદવારે મોબાઇલ નંબર દર્શાવવો જરૂરી છે.

(૬) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું

(૭) તેની નીચે "Self declaration" ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે.

(૮) ત્યારબાદ તેની નીચે એક કોડ સ્ક્રીન ઉપર દેખાશે, જેને Enter કર્યા બાદ "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.

(૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં "Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth Date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં Photo અને Signature Upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬

સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે computer માં હોવા જોઇએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo tore થયેલ છે, તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application Number" તથા Birth Date type કર્યા બાદ ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. ભરેલા અરજીપત્રક માં કોઇ પણ ફેરફાર/સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી પત્રક કન્ફર્મ કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં થઇ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી: સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઇ જશે. અહીં **"Confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૨) હવે Print Application પર click કરવું અહીં તમારો Confirmation number ટાઇપ કરવો અને Print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી.

(૧૩) જો અરજીમાં આપે મોબાઇલ નંબર દર્શાવેલ હશે તો અરજી confirm થયેથી તુરત જ આપને મોબાઇલ નંબર ઉપર તે અંગેનો SMS મળશે. અરજીમાં દર્શાવેલ આપના મોબાઇલ નંબર ઉપર બોર્ડ ધ્વારા આ જાહેરાત સંદર્ભે મળનાર વિવિધ SMS આપને મળતા રહેશે.

૮. <u>પરીક્ષા ફીઃ-</u>

બિન અનામત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે. સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતીફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફિસમાં રૂ.૧૦૦/- બોર્ડની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ રૂ.૧૨/ બંને મળી કુલ રૂ.૧૧૨/- તા ૫/૨/૨૦૧૪ સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે. (૨) ફી રોકડમાં કે ડીમાન્ડ ડ્રાફટમાં સ્વીકારવામાં આવશે નહીં (૩) મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોએ પરીક્ષા ફી ભરવાની નથી(૪) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

## ૯. પરીક્ષા પધ્ધતિઃ-

અરજીપત્રકમાં ભરેલ વિગતોની કોઇ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને **સ્ટાફ નર્સ** જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી બોર્ડ ધ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ OJAS ની વેબસાઇટ http://ojas.guj.nic.in મારફત online કોલલેટર ઇસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. જે માટે બોર્ડ ધ્વારા કામચલાઉ ધોરણે દાખલ કરેલ ઉમેદવારોને OJAS ની નિયત વેબસાઇટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર online download કરવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તેઓના મોબાઇલ નંબર ઉપર “SMS” મોકલીને અને અગ્રગણ્ય અખબારોમાં તેમજ વેબસાઇટ ઉપર ટૂંકી જાહેરાત આપીને જાણ કરવામાં આવશે. સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૭-૪-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૧૧ ઓફ ૨૦૧૨/પીઆરઆર/ ૧૦૨૦૦૯/૧૯૭૬/ડી, થી ઠરાવ્યા મુજબ ફકત -૧ (એક) પ્રશ્નપત્રની નીચે મુજબ રહેશે.

**પ્રશ્નપત્ર (હેતુલક્ષી), સમયઃ ૧ કલાક, કુલ ગુણ-૧૦૦**

**ઉકત પ્રશ્નપત્રમાં (૧) ગુજરાતી ભાષા અને વ્યાકરણ-૨૦ ગુણ**

**(૨) અંગ્રેજી વ્યાકરણ- ૨૦ ગુણ**

**(3) સામાન્ય જ્ઞાન-૨૫ ગુણના**

**(૪)નોકરી તથા ફરજને લગતા હેતુલક્ષી પ્રશ્નો 3૫ ગુણ**

(૧) આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપર દર્શાવ્યા મુજબના વિષયોને આવરી લેતા હેતુલક્ષી પ્રશ્નોનું ઉત્તરપત્ર ઓ.એમ.આર. (ઓપ્ટીકલ માર્કસ રીડીંગ) પધ્ધતિ સ્વરુપનું રહેશે.

(૨) બોર્ડ ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ નિયત થયેથી બોર્ડ ધ્વારા નિયત કરાનારા મથકોએ **સંભવિત તા.૧૫-૨-૨૦૧૪ થી તા.૨૩-૨-૨૦૧૪ દરમ્યાનયોજવામાં આવશે** સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખમા, સમયમા અનિવાર્ય સંજોગોને કારણે સક્ષમ સત્તાધિકારી ફેરફાર કરી શકશે. ઉમેદવારોને આ અંગેની જાણ ઓનલાઇન અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર “SMS” ધ્વારા તેમજ વેબસાઇટ ઉપર અને અગ્રગણ્ય અખબારોમાં જાહેરાત પ્રસિધ્ધ કરીને જાણ કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોએ કોમ્પ્યુટર ઉપર OJAS ની વેબસાઇટ ઉપરથી online કોલલેટર download કરીને મેળવી લેવાના રહેશે. જે માટે ઉમેદવારોએ online કોલલેટર મેળવવા કોમ્પ્યુટર ઉપર OJAS ની વેબસાઇટની મુલાકાત સતત લેવાની રહેશે, અન્યથા બોર્ડની જવાબદાર રહેશે નહીં.

(૩) બોર્ડ ધ્વારા આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણ આધારે તમામ હાજર ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાર મેરીટ ક્રમાનુસાર સ્ટાફ નર્સની કામચલાઉ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાર મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારોને તા ૧૭-૪-૨૦૧૨ ના નોટીફીકેશન નં. કેપી/૧૧ ઓફ ૨૦૧૨/ પીઆરઆર/૧૦૨૦૦૯/૧૯૭૬/ડી ની જોગવાઇ મુજબ પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે ત્યારે તેઓએ તે જિલ્લાના પસંદગી ક્રમ દર્શાવવાના રહેશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની આખરી

પસંદગી યાદી બહાર પાડવામાં આવશે અને આવી આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને તેઓના જિલ્લાનો પ્રેફરન્સ અને મેરીટ ક્રમ આધારે ફાળવણી કરીને વિગતવાર નિમણુંક માટે ભલામણ બોર્ડ ધ્વારા નિયત શરતોને આધીન કરવામાં આવશે.

**૧૦. સામાન્ય શરતોઃ-** (૧) બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને તેમજ, ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોને મળવાપાત્ર બધી જ છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. (૨) અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને તેમની અનામત વર્ગની કેટેગરીની મળવાપાત્ર વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં. (૩) (અ) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) ના નમૂનામાં તા. ૩૧-૩-૨૦૧૩ ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ (તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩) માટેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીથી **તા.૧-૪-૨૦૧૩ થી તા ૫-૨-૨૦૧૪** દરમ્યાન ઇસ્યુ કરાયેલ હોય તેવું અસલ પ્રમાણપત્ર માંગણી થયેથી બોર્ડને રૂબરૂ રજૂ કરવાનું રહેશે. અન્યથા ઉમેદવારી/ પસંદગી “રદ“ કરવામાં આવશે.(બ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણિત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. (ક) જો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે ઉકત પેરા-૩ (અ) માં દર્શાવ્યા મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩નું નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ અસલમાં માંગણી થયેથી રજૂ કરેલ નહીં હોય તો તેમજ બિન અનામત જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવાશે નહીં અને ઉમેદવારી/ પસંદગી “રદ“ કરવામાં આવશે. (૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં. (૫) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવાર માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના <u>૫</u> ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઇએ (૬) ઉકત જગ્યા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારે જ અરજી કરવાની રહેશે **(૭) બોર્ડ તરફથી આપવામાં આવતી નવી સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતાં રહેવું.**

## <u>અગત્યની સુચનાઓઃ-</u>

(૧) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યા આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

**નોંધઃ-** (૧) **સ્ટાફ નર્સ ની** જગ્યાના ભરતી નિયમો અન્વયે ઠરાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ, પરીક્ષા ફી, પગાર ધોરણ તેમજ જાહેરાતની અન્ય તમામ વિગતો બોર્ડની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ (અ) OJAS ની વેબસાઇટ http://ojas.guj.nic.in ઉપર (બ) સરકારશ્રીનાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ http://panchayat.gujarat.gov.in ઉપર પણ જોવા મળશે. (૨) ઉકત જાહેરાતની વિગતો તેમજ

ઓનલાઇન અરજી ભરવા સંબંધિત કોઇ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન કચેરીનો ફોન નં. ૦૭૯-૨૬૩૦૦૯૧૫ ઉપર સંપર્ક કરી શકાશે.

**૧૧. સામાન્ય સૂચનાઓઃ-**

(૧) બોર્ડ જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે બોર્ડના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી, ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) વ્યર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે, અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે બોર્ડે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) બોર્ડ તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) બોર્ડ ધ્વારા સીધી ભરતીથી પસંદગી કરવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ઉમેદવારે બોર્ડ સમક્ષ રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે **નિમણુંક અધિકારી ધ્વારા** ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી બોર્ડ/નિમણુંક સતાધિકારીશ્રી ધ્વારા ‘‘રદ‘‘ કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/ નિમણુંક થયેલ હશે તો પસંદગી/ નિમણુંક બોર્ડ/નિમણુંક સતાધિકારીશ્રી ધ્વારા કોઇપણ તબકકે ‘‘રદ‘‘ કરવામાં આવશે.,

(૩) બોર્ડ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણુંક માટેનો હકક મળી જતો નથી. નિમણુંક સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(૪) પસંદગી પામેલ ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને

પાત્ર થશે.

(૫) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા સારું તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૬) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૯૮ અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

૧૨. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખઃ- ૨૫-૦૧-૨૦૧૪ સચિવ,

સ્થળઃ- અમદાવાદ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

અમદાવાદ

---------------------------------------

## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ધ્વારા જાહેરાત ક્રમાંકઃ૪ /૨૦૧૩-૧૪, સ્ટાફ નર્સ ની જગાનું ચેકલીસ્ટ

આ જગા માટેની વયમર્યાદા તા ૩૧-૧-૨૦૧૪ ની સ્થિતિએઃ- ૪૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ

| ક્રમ | ઉમેદવારની જાતિ | નીચેની તારીખો તે પછી જન્મેલા હોવા જોઇએ. |
|---|---|---|
| ૧. | સામાન્ય કેટેગરી (પુરૂષ ઉમેદવાર) | તા ૧-૨-૧૯૭૪ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૨. | એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી. (પુરૂષ ઉમેદવારો) (૫ વર્ષ) | તા ૧-૨-૧૯૬૯ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૩. | મહિલાઓ (સામાન્ય કેટેગરી) (૫ વર્ષ) | તા ૧-૨-૧૯૬૯ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૪. | અનામત વર્ગની મહિલાઓ | તા ૧-૨-૧૯૬૯ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ . |
| ૫. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતા સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો | તા ૧-૨-૧૯૬૯ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૬. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતા અનામત વર્ગના પુરુષ્ ઉમેદવારો | તા ૧-૨-૧૯૬૯ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૭. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતી સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારો | તા ૧-૨-૧૯૬૯ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૮. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતી અનામત વર્ગની મહિલાઓ | તા ૧-૨-૧૯૬૯ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૯. | માજી સૈનિકઃ- સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨-૭-૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ-૧૦૮૧/જીઓઆઇ/૫૮/ ગ-૨, અને તા.૨૦-૨-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/૧૦૨૦૦૦/યુ.ઓ./૯૫૭/ગ-૨. | આ સંવર્ગની ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે જે ઉમેદવારે માજી સૈનિક તરીકે સશસ્ત્ર દળોમાં છ મહિનાની સળંગ સેવા કરતાઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે માજી સૈનિકને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ(૩) વર્ષ સુધીની છુટછાટ મળશે. |
| ૧૦. | મહત્તમ ઉપલી વયમર્યાદા | તા ૧-૨-૧૯૬૯ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇએ |
| ૧૧ | પરીક્ષા ફીઃ-<br>(૧) ફકત બિન અનામત વર્ગ (સામાન્ય) કેટેગરીના ઉમેદવારો માટે | (૧) ફોર્મ ભરતી વખતે “ બિન અનામત” કેટેગરી સીલેક્ટ કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Servicemen કેટેગરી સિવાય) તમામ ઉમેદવારોએ રૂ.૧૦૦ તથા પોસ્ટ ઓફિસ ચાર્જ રૂ.૧૨ મળી કુલ રૂ.૧૧૨/- પરીક્ષા ફી ભરવાની રહેશે.<br>(૨) મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોએ પરીક્ષા ફી ભરવાની નથી. |